# -:: પ્રેસનોટ ::-

ગુજરાત રાજ્યમાં બહુવિધ આપત્તિઓનું જોખમ રહેલુ છે, જેમા મુખ્યત્વે ભૂકંપ, વાવાઝોડુ,પુર,ઔધ્યોગિક અકસ્માત, આગ અકસ્માત ઈત્યાદિનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA)ધ્વારા શાળાના વિધાર્થીઓ,શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગ્રુત્તિ કેળવાય તે હેતુથી રાજ્યમાં શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુકેલ છે.

શાળા સલામતી કાર્યક્રમ અંતર્ગત શાળાના શિક્ષકોને સંભવિત આપત્તિઓ સામે શાળા લેવલે કેવા પ્રકારના સાવચેતી/સલામતીના પગલા લેવા જોઈએ તે બાબતે તાલીમબદ્ધ કરવામાં આવેલ છે.તેમજ આપત્તિ વ્યવસ્થાપન વિષયક માહિતીપ્રદ વિવિધ ૧૫ પ્રકારના ચાર્ટ્સનુ વિતરણ પણ કરી દેવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ ધ્વારા વધુમાં વધુ વિધાર્થીઓ,શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિષે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે પ્રાથમિક શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી તા-૨૦/૦૧/૨૦૨૫ થી તા-૨૫/૦૧/૨૦૨૫ દરમિયાન રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં "શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવનાર છે.

શાળા સલામતી સપ્તાહ ઉજવણી દરમિયાન સુરત મહાનગરપાલિકાના ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા ઓછામાં ઓછી ૭૫ જેટલી શાળાઓમાં મેગા ઈવેન્ટ જેવી કે, ફાયર ફાયટીગ ડેમોસ્ટ્રેશન તાલીમઅનેમોકડ્રીલનું આયોજન કરવામાંઆવશે.,૧૦૮ દ્વારા પ્રાથમિક સારવારની તાલીમપણઆપવામાંઆવનાર છે.

જન સંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર......
સમાચાર યાદી નંબર 456

.તા.૨૨/૦૧/૨૦૨૫












Galaxy A54 5G